જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૭/૨૦૧૭ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૫૩૮/૧૭**

**ક્રાઇમબ્રાન્ચ :**

### મોબાઇલ ફોનના મુદ્દામાલ સાથે એક ઇસમને પકડી વણ શોધાયેલ મોબાઇલ ચોરીના બે ગુનાને શોધી કાઢતી અમદાવાદ શહેર.એસઓજી ક્રાઇમબ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનશ્રી તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનશ્રી નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબએસઓ.જીના અધિકારી પોસઇ શ્રી એમ.કે.ઝાલા તથા પોસઇ શ્રી વી.એચ.જાડેજા નાઓ તેમની ટીમો સાથે પેટ્રોલીંગમાં હતા.પેટ્રોલીંગ દરમ્યાનવેજલપુર એપી.એમ.સી. માર્કેટ પાસે આવતાં સાથેના પો.કો. નિશારઅહેમદ ઉસ્માનમીયા તથા હે.કો.નારસિંહ રામસિંહ નાઓએ બાતમી હકીકત આપતાં જે બાતમી આધારે વોચ કરી આરોપી મોહસીનખાન ઉર્ફે ટારઝન s/o રઝાકખાન પઠાણ ઉ.વ.૩૩ ધંધો- રીક્ષા ડ્રાઇવીંગ રહે- સી/૪૭, મક્કાનગર, શાંતિનિકેતન સ્કુલની પાછળ, જુહાપુરા, અમદાવાદ શહેરને ઝડપી લેવામાં આવેલ. જેની પાસેથી (૧) એલ.વાય.એફ. કંપનીનો મો.ફોન કિ.રૂ.૫,૦૦૦/- તથા (૨) આઇફોન કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ.૧૫,૦૦૦/- (૩) હીરો હોન્ડા હંક મો.સા. કિ.રૂ.૧૫,૦૦૦/- નો મુદ્દામાલ મળી આવેલ. જે બાબતે મોબાઇલ ફોન બાબતે પુછપરછ કરતાં જણાવેલ કે, આજથી આશરે બે માસ અગાઉ પોતે ભાડાની ઓટોરીક્ષા ચલાવતો હોય જે લઇ હીમાલયા મોલ તરફ ગયેલો ત્યાં કોઇ એક ઇસમ રીક્ષાની રાહ જોઇને ઉભો હતો તેની નજીક રીક્ષા લઇ જતાં તેણે રીક્ષા ઉભી રાખવા માટે હાથ બતાવતાં તેની પાસે રીક્ષા લઇને ગયેલો અને તેના તરફ રૂમાલ નાંખી તેની નજર ચુક્વી તેના શર્ટના ઉપરનાં ખિસ્સા માંથી તેનો આઇફોન કંપનીનો મો.ફોન કાઢી લીધેલ. ત્યારબાદ આજથી પંદરેક દિવસ પહેલાં પોતે તથા પોતાનો મિત્ર ઇમ્તીયાઝ પઠાણ કે જે શાહઆલમ ચંડોળા તળાવ ખાતે રહે છે તેની સાથે આ બાઇક લઇ પાલડી વિસ્તારમાં પેટ્રોલ પંપ પાસે આવેલ ત્યાં એક માણસ ઉભેલ હતો તેની સાથે તું કેમ મારી ઉપર થુક્યો તેમ કહી તેની સાથે ઝઘડો કરી તેની નજર ચુકવી તેના ખિસ્સામાંથી એક મોફોન એલ.વાય.એફ. કંપનીનો ફોન લઇ લીધેલ ઇમ્તીયાઝ બાઇક લઇને ઉભો હોય તેની પાછળ બેસી બંન્ને ભાગી ગયેલાની હકીકત જણાવેલ. જે બાબતે (૧) પાલડી પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૭૭/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબ (૨) આનંદનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૯૯/૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુના દાખલ થયેલ હોય (૧) એલ.વાય.એફ. કંપનીનો મો.ફોન કિ.રૂ.૫,૦૦૦/- તથા (૨) આઇફોન કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ.૧૫,૦૦૦/- (૩) હીરો હોન્ડા હંક મો.સા. કિ.રૂ.૧૫,૦૦૦/- નો મુદ્દામાલ સીઆર.પી.સી કલમ ૧૦૨

**મુજબ તપાસ અર્થે કબ્જે કરી સદરહુ ઇસમને આજરોજ તા.૨૯/૦૭/૨૦૧૭ ના કલાક ૧૭/૦૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ અટક કરી વધુ તપાસ અર્થે પાલડી પોલીસ સ્ટેશન તથા આનંદનગર પોલીસ સ્ટેશન તરફ સોપવા તજવીજ હાથ ધરેલ છે.**

## સરદારનગર પોલીસ સ્ટેશન :

આજરોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અ'વાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડિવીઝન નાઓની સુચનાથી પો.ઇન્સ. એચ.બી.ઝાલા સરદારનગર પો.સ્ટે. તથા સ્ટાફના પોસઇ પી.જે.ખરસાણ તથા હેકો જીવણભાઇ મેઘજીભાઇ બ.નં ૭૫૫૦ તથા હેકો. રમેશસિંહ કાળુસિંહ બનં-૯૪૨૧ તથા પોકો દર્શનસિંહ પ્રવીણસિંહ બ.નં :૧૬૬૫ તથા પોકો. પ્રદિપકુમાર રામાભાઇ બનં-૧૦૩૬૧ તથા પોકો. રજનીકાંત કાળાભાઇ બનં-૫૧૨૧ તથા પોકો. કપિલકુમાર કાંતિલાલ તથા પોકો. કિરપાલસિંહ અનવરસિંહ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૪/૪૫ વાગે સરદારનગર ભીલવાસના નાકે આવતા બાતમી હકિકત મળેલ કે સરદારનગર ભીલવાસ શિવશકિતનગર ખાતે મુકેશ મારવાડીના મકાનની સામે ખુલ્લા મેદાનમાં જાહેરમાં કિશુ ઉર્ફે કાણીયો સિંધી તથા જગદીશ મારવાડી નામના ઇસમો કેટલાક મળતીયા માણસો ભેગા કરી ગોળકુંડાળુ વળી પૈસાપાનાથી હારજીતનો જુગાર રમી રમાડે છે વિગેરે બાતમી હકિકત આધારે સદરી જગ્યાએ રેડ કરતા જુગાર રમતા સુનિલ સ/ઓ રમેશભાઇ કલ્યાણજી ધાનકા (મારવાડી) ઉવ.૩૦ રહે, કબ્રસ્તાનના છાપરા દરિયાપુર દરવાજા બહાર ઇદગાહ સર્કલ માધુપુરા અ'વાદ શહેર+૫=૬ નાઓને જુગાર રમતા રોકી પકડી લઇ રોકડ રૂ.૧૫,૫૫૦/- તથા ગંજીપાના નંગ-૧૦૪ કિ.રૂ.૦૦/- તથા જુગાર રમવાના પ્લાટીકના અલગ અલગ દરના કોઇન જેમા ૨૦૦૦ ના કોઇન નંગ-૨૦ કુલ રુપિયા ૪૦,૦૦૦/- તથા ૧૦૦૦ ના કોઇન નંગ-૩૭ કુલ રુપિયા ૩૭,૦૦૦/- તથા ૫૦૦ ના કોઇન નંગ-૪૮ કુલ રુપિયા ૨૪,૦૦૦/- તથા ૨૦૦ ના દરના વાદળી તથા સફેદ કલરના અલગ અલગ કુલ કોઇન નંગ-૫૦ કુલ રુપિયા ૧૦,૦૦૦/- મળી કુલ્લે કોઇન નંગ-૧૫૫ કુલ રુપિયા રૂ.૧,૧૧,૦૦૦/- તથા રોકડ રકમ કુલ્લે કિ.રૂ.૧૫,૫૫૦/- ની મત્તા સાથે મળી આવી પકડાઇ ગયેલ તેમજ રેડ દરમ્યાન ભાગી જનાર (૧) કિશુ ઉર્ફે કાણીયો સિંધી રહે, સરદારનગર અ'વાદ શહેર (૨) જગદીશ મારવાડી રહે, સરદારનગર અ'વાદ શહેર નાઓ મળી નહિ આવી ગુનો કર્યા વિ.બાબત.

કાગડાપીઠ પોલીસ સ્ટેશન :

## લેપટોપ ચોરી ડિટેક્ટ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન તથા કાગડાપીઠ પોલીસ ઇન્સપેકટર શ્રી એસ.એસ.મોદી સાહેબ નાઓની સુચના મુજબ મિલકત સંબંધી ગુના બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ કરેલ સુચના આધારે કાગડાપીઠ પોલીસ સ્ટેશન **ફ્સ્ટ ગુરન ૬૬/૨૦૧૭ ધી ઈપીકો કલમ ૩૭૯,૪૧૧,૧૧૪ મુજબ**ના ગુનાના કામના ફરિયાદીશ્રી ની ફરિયાદ ના કામે ચોરી થયેલ મોબાઈલ ફોન ટ્રેસ થતા ઉપરોક્ત ગુનાના કામના ત.ક.અધિશ્રી એન.કે.ડાભી સાહેબ તથા બિજા સ્ટાફના માણસો સાથે નીચે જણાવેલ આરોપીઓ નામે **(૧) રાકેશ ઉર્ફે જીતુ S/O નરસિહજી ઠાકોર ઉવ.૨૮ રહે.મ.ન.૨૦ મેલા તુંકાની ચાલી.પુષ્પરાજ એસ્ટેટ સામે સરસપુર અમદાવાદ શહેર** નાઓને ઉપરોકત ગુનાના કામે તા.૨૯/૦૭/૨૦૧૭ ના ક.૧૫/૧૫ વાગે. (૨) **અનિલ ઉર્ફે બીડી S/O દશરથભાઈ ઠાકોર ઉવ.૨૬ રહે.ઠાકોરવાસ અફજલખાન નો ટેકરો સારંગપુર અમદાવાદ શહેર મુળ વતન ગામ.જેગોલ તા.દાંતીવાડા જી.બનાસકાંઠા** નાઓને ઉપરોકત ગુનાના કામે તા.૨૯/૦૭/૨૦૧૭ ના ક.૨૧/૦૦ વાગે. અટક કરી સદરી આરોપીઓ પાસેથી ચોરી થયેલ **એક લેપટોપ કિ.રુ.૨૫૦૦૦/-તથા બે મોબાઈલ ફોન કિ.રુ.૫૦,૦૦૦/- તથા ગુનાના કામે વાપરેલ એક્ટીવા કિ.રુ.૪૫,૦૦૦/- ગણી કુલ્લે રુ.૧,૨૦,૦૦૦/-નો મુદ્દામાલ** તપાસ અર્થે કબ્જે કરી ઉપરોક્ત ગુનો ડિટેક્ટ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.